# ગુજરાત યુનિવર્સિટી

નં. પરીક્ષા/૨-અ/રજિસ્ટ્રેશન/૩૨૬૧૧/૨૦૧૬
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯
તા. ૦૩-૦૯-૨૦૧૬

**પરિપત્ર ક્રમાંક : ૧૯૯**

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ બી.એડ્. કૉલેજોના આચાર્યોશ્રીઓને આદેશાનુસાર જણાવવાનું કે, આ યુનિવર્સિટીના પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવેલ તમામ વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન કરવાનું થાય છે. **આપની કૉલેજ/સંસ્થામાં પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન ફોર્મ www.gujaratuniversity.org.in પરથી ડાઉનલોડ કરવાનું રહેશે તથા ડાઉનલોડ કરેલ ફોર્મ વિદ્યાર્થીએ જેના આધારે પ્રવેશ મેળવેલ હોય તેના ગુણપત્રકની નકલ, બેઠક નંબર તથા કોમ્બીનેશન કોડની એન્ટ્રી કર્યા બાદ તેમજ કૉલેજના આચાર્યશ્રીના સહી-સિક્કા સાથે રજિસ્ટ્રેશન ફોર્મ જરૂરી બિડાણો સાથે અલગ બંચમાં કૉલેજોએ નિયત પત્રક અને ફી સાથે આ કાર્યાલયને તા. ૨૩-૦૯-૨૦૧૬ સુધીમાં જમા કરાવવા માટે જણાવવામાં આવે છે. ત્યાર બાદ માનનીય કુલપતિશ્રીના આદેશ સિવાય કોઈ જ રજિસ્ટ્રેશન ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં. જેની ખાસ નોંધ લેશો.**

**રજિસ્ટ્રેશન ફોર્મ યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવવા માટે મોકલતા અગાઉ નીચેની સૂચનાઓનું ચુસ્તરીતે પાલન કરવા વિનંતી છે.**

૧. રજિસ્ટ્રેશન ફોર્મની કિંમત રૂ. ૨૫/- અને રજિસ્ટ્રેશન ફી રૂ. ૧૦૦/- રાખવામાં આવેલ છે.

૨. રજિસ્ટ્રેશન ફોર્મ સાથે ટી.વાય. બી.એ./બી.કૉમ./બી.એસસી./એમ.એ./એમ.કૉમ./એમ.એસસી.ના ગુણપત્રક, સ્કૂલ લિવિંગની નકલ અને રિઝર્વ કેટેગરીના કાસ્ટ સર્ટિફિકેટની નકલ આચાર્યશ્રી દ્વારા પ્રમાણિત કરેલ હોય તે અલગ બંચમાં રાખવી.

૩. ગુજરાત યુનિવર્સિટીના ઑર્ડિ. ૭૦ની જોગવાઈ મુજબ ગુજરાત યુનિવર્સિટી સિવાય અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પ્રવેશ આપતા અગાઉ **આ યુનિવર્સિટીનું પ્રવેશ યોગ્યતાનું પ્રમાણપત્ર (ફાઈનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ) મેળવવું ફરજિયાત છે. તેની નકલ રજિસ્ટ્રેશન ફોર્મ જમા કરાવવા આવો ત્યારે ડોક્યુમેન્ટ સાથે બીડવાની રહેશે. અન્યથા વિદ્યાર્થી રજિસ્ટ્રેશન ફોર્મ રદ કરવામાં આવશે.**

૪. બી.એડ્. રજિસ્ટ્રેશન ફોર્મ અલગ અને ડોક્યુમેન્ટ અલગ બંચમાં જમા કરાવવાના રહેશે.

૫. રજિસ્ટ્રેશનની ક્ષતિઓ નિવારી શકાય તે હેતુસરથી કૉલેજની પ્રી-પ્રિન્ટેડ યાદીમાં રિમાર્ક્સના ખાનામાં ગુજરાત યુનિવર્સિટીના GU, OUG અને પછી OUના વિદ્યાર્થીઓ લખવાના રહેશે.

૬. બી.એડ્. એકમ દ્વારા નિયત થયેલ નીતિનિયમો અને પ્રવેશનાં ધોરણો મુજબ પ્રવેશ આપવામાં આવેલ હશે તેટલા જ વિદ્યાર્થીઓનાં રજિસ્ટ્રેશન ફોર્મ મોકલી આપવાના રહેશે. તેમ છતાં તે સિવાયનાં ફોર્મ જણાશે તો યુનિવર્સિટી દ્વારા રદ કરી દેવામાં આવશે. જે વિદ્યાર્થીના કોલેજના કોલેજ દ્વારા એડમિશન રદ થયેલ હોય તેને PDF ફોર્મ રદ કરી **Online enrolment Registration Forms Entry System** ડીલીટ કરી યાદી સાથે જમા કરાવવાનું રહેશે.

૭. કૉલેજમાં પ્રવેશ મેળવેલ તમામ વિદ્યાર્થીની યાદી બી.એડ્. એકમ દ્વારા પ્રમાણિત કરેલ હોય તેટલી સંખ્યામાં રજિસ્ટ્રેશન ફોર્મ અને ફી સ્વીકારવામાં આવશે. જેની ખાસ નોંધ લેવા વિનંતી છે.

૮. બી.એડ્. એકમ દ્વારા જેટલા વિદ્યાર્થીઓ ફાળવવામાં આવેલ હશે તે ઉપરાંત મેનેજમેન્ટ દ્વારા પ્રવેશ આપવામાં આવેલ હોય તેવા તમામ વિદ્યાર્થીઓની યાદી બી.એડ્. એકમ દ્વારા પ્રમાણિત કર્યા બાદ જ રજિસ્ટ્રેશન નંબર ફાળવવામાં આવશે તથા આવા વિદ્યાર્થીના રજિસ્ટ્રેશનના કોરા ફોર્મ યુનિવર્સિટીના વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી અલગ બંચમાંઆપવાના રહેશે. અને તેની **Entry Online enrolment Registration Forms Entry System** કરવાની રહેશે **જે એન્ટ્રી કરેલ નહીં હોય તો તેનું રજિસ્ટ્રેશન થશે નહિ.**

[P.T.O.

૯. રજિસ્ટ્રેશન ફી ક્રોસ ડિમાન્ડ ડ્રાફ્ટ/પે. ઑર્ડર **“કુલસચિવશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૩૮૦૦૦૯”**ના નામનો કઢાવીને મોકલી આપવાનો રહેશે. **ડિમાન્ડ ડ્રાફ્ટ/પે. ઑર્ડર બેંક કમિશન બાદ કરીને કઢાવવાનો રહેશે. રોકડ રકમ સ્વીકારવામાં આવશે. પરંતુ ચેક કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહીં. (DD CTS કોડવાળો હોવો જરૂરી છે.)**

૧૦. **કોરા રજિસ્ટ્રેશન ફોર્મ ભરવા અંગેની ખાસ સૂચના** :

(ક) રજિસ્ટ્રેશન ફોર્મ પર દર્શાવેલ સિરિયલ નંબરના ક્રમમાં જ વિદ્યાર્થીની માર્કશીટ ગોઠવવી. અને તેના પર રજિસ્ટ્રેશન ફોર્મ પરનો સિરિયલ નંબર લખવો. જેથી રજિસ્ટ્રેશનની ક્ષતિ સુધારવામાં સરળતા રહે.

૧૧. રજિસ્ટ્રેશન ફોર્મ ભરવા માટે વિદ્યાર્થીઓએ **Black or Blue** પેનનો જ ઉપયોગ કરવો. શાહી, પેન્સિલ કે લાલ પેનનો ઉપયોગ કરવો નહીં.

૧૨. વિદ્યાર્થીઓને રજિસ્ટ્રેશન ફોર્મના દરેક ખાનામાં **CAPITAL LETTER** થી જ લખવા ખાસ સૂચના આપવી.

૧૩. વિદ્યાર્થીઓ પાસેથી ભરાવેલા રજિસ્ટ્રેશન ફોર્મ વેબસાઈટ પર દર્શાવેલ યાદી પ્રમાણેની બે નકલમાં તેમજ તે યાદી જે વિદ્યાર્થી કેન્સલ થયેલ હોય તેના પર લીટી મારી રદ કરવું તથા રીમાર્કમાં જે વિદ્યાર્થી GU, OUG અને OU દર્શાવવાનું રહેશે. આ કાર્યાલયમાં પ્રિન્સિપાલના સહી-સિક્કા સાથે મોકલવાના રહેશે.

**પ્રો. એચ. એ. પંડ્યા**
કા. કુલસચિવ

પ્રતિ :

૧. યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્.ની તમામ કૉલેજોના આચાર્યો / અધ્યક્ષશ્રીઓ.
૨. પૂછપરછ વિભાગ (ત્રણ નકલ)
૩. ચીફ એકાઉન્ટ્સ ઑફિસર, હિસાબ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી.
૪. કેશ કાઉન્ટર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી.
૫. રૂમ નં. ૧૪ એલિજિબિલિટી વિભાગ, ગુજરાત યુનિવર્સિટી.